૮

રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૭૨ ની જોગવાઈ અનુસાર અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ(District-level Committee on Disability) ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપગ-૧૦-૨૦૧૭-૨૮૧૬૫૬-છ.૧
સચિવાલય, ગાંધીનગર,
તા.03/06/૨૦૧૭.

**પ્રસ્તાવના:**

ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય દ્વારા ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ (૨૦૧૬નો ૪૯મો) તા.૨૮/૧૨/૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય (દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ)ના તા.૧૯/૦૪/૨૦૧૭ના જાહેરનામાથી આ કાયદો તા.૧૯/૦૪/૨૦૧૭ થી અમલમાં લાવવામાં આવેલ છે.

આ કાયદાની કલમ-૭૨ હેઠળ અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability)ની રચના કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability)ની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability) ની રચના કરવાનું ઠરાવેલ છે.

**ઠરાવ:**

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૭૨ની જોગવાઈ અનુસાર અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability)ની આથી નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રટશ્રી | અધ્યક્ષ |
| ૨ | મ્યુનિસિપલ કમિશનરશ્રી | સભ્ય |
| 3 | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |

-2-

| | | |
|---|---|---|
| ૪ | સિવિલ સર્જનશ્રી | સભ્ય |
| ૫ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય |
| ૬ | જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી | સભ્ય |
| ૭ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી | સભ્ય |
| ૮ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૯ | જિલ્લા રોજગાર અધિકારીશ્રી | સભ્ય |
| ૧૦ | કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મકાન ) | સભ્ય |
| ૧૧ | અપંગોની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલ અને સેવા બજાવતા અપંગતાના જુદા જુદા ક્ષેત્રમાંથી પાંચ સભ્યોની અધ્યક્ષશ્રી ધ્વારા નિમણૂક. | સભ્ય |
| ૧૨ | આ ઉપરાંત અધ્યક્ષશ્રી કોઇપણ સરકારી એજન્સીના પ્રતિનિધિને આ જોગવાઇના અમલીકરણના હેતુસર બોલાવી શકશે. | સભ્ય |
| ૧૩ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ( અપંગોની કામગીરી બજાવતા સમકક્ષ અધિકારી) | સભ્ય સચિવ |

ઉકત ક્રમ-૧૧ માં જણાવેલ બિનસરકારી સભ્યોની નિમણૂક હવે પછીથી કરવામાં આવશે.

અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability)માં સમિતિના અધ્યક્ષશ્રી દ્વારા નિમવામાં આવેલ બિનસરકારી સભ્યોની મુદત વધુમાં વધુ ત્રણ વર્ષની રહેશે.

અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ (District-level Committee on Disability)ના કાર્યો નીચે પ્રમાણે રહેશે.

(૧) રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની જોગવાઇઓના અમલીકરણ અંગે અશક્તતા માટે જિલ્લા કક્ષાની સમિતિ જિલ્લાના મુખ્ય મથક તરીકે કાર્યવાહી કરશે.

(૨) રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૭૧(૨)ની જોગવાઇઓને બાધ ન આવે તે મુજબ વિકલાંગતા સંબંધમાં રાષ્ટ્ર, રાજ્ય અને જિલ્લા કક્ષાના એક્શન પ્લાનના માળખાને અધીન, જિલ્લા કક્ષાએ કાયદાના અમલીકરણ માટે સંકલન અને મોનીટરીંગ કરવાનું રહેશે.

(૩) રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૭૧(૨)ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય અશકતતા માટેની જિલ્લા કક્ષાની સમિતિને રાજ્ય સલાહકાર બોર્ડ સોંપે તેવા બીજા કાર્યો પણ કરવાના રહેશે.

(૪) રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૨૩(૩) હેઠળ ગ્રીવન્સ રીડ્રેસલ ઓફિસર દ્વારા લેવાયેલ નિર્ણયથી નારાજ થયેલ વિકલાંગ વ્યક્તિ કલમ-૨૩ (૪) ની જોગવાઇ મુજબ જિલ્લા કક્ષાની સમિતિને રજૂઆત કરી શકે છે.

(૫) આ સમિતિમાં નીમવામાં આવેલ સભ્ય રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મળવાપાત્ર પ્રવાસ ભથ્થુ અને દૈનિક ભથ્થું મેળવશે જે મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને હસ્તક રહેશે.

(૬) સમિતિની બેઠક બાબત.

જિલ્લા કક્ષાની સમિતિની બેઠક દર ત્રણ મહિને ઓછામાં ઓછી એકવાર મળશે અને પોતાની બેઠકોમાં કામકાજના સંચાલનમાં રાજ્ય સરકાર ઠરાવે તેવી કાર્યરીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૭) જગ્યા ખાલી પડવાથી કાર્યરીતિ અમાન્ય ઠરશે નહીં.

જિલ્લા કક્ષાની સમિતિના કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી સામે માત્ર કોઈ પણ ખાલી પડેલી જગ્યાને કારણે અથવા આ સમિતિની રચનામાં ખાલી જગ્યા હોવાને કારણે એક્ટની કલમ-૭૩ ની જોગવાઇ મુજબ વાંધો ઉઠાવી શકાશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

-માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

-માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

-માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો.

-અગ્ર સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અશક્તતા આયુક્તશ્રી, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-સર્વે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેશ્રીઓ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-સર્વે જિલ્લા સીવીલ સર્જનશ્રીઓ.
-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ ( સર્વે જિલ્લા)
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ
-સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીઓ.
-નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (સર્વે જિલ્લાઓ)
-સર્વે જિલ્લા રોજગાર અધિકારીશ્રીઓ.
-કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન ( સર્વે જિલ્લાઓ)
-સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
- સેકશન અધિકારીશ્રી, છ- શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ.૧- શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ.